# <u>ફાર્મસીસ્ટ રજીસ્ટ્રેશન રીન્યુ કરાવવા બાબત સૂચના</u>

ફાર્મસી કાઉન્સિલ ઓફ ઇન્ડિયા, ન્યુ દિલ્હી દ્વારા ફાર્મસી પ્રેક્ટિસ રેગ્યુલેશન-૨૦૧૫, તા.૧૫/૦૧/૨૦૧૫ ના રોજ બહાર પાડવામાં આવેલ છે. ફાર્મસી પ્રેકટીસ રેગ્યુલેશન-૨૦૧૫ ના નિયમ નં. ૪.૨ પ્રમાણે "**દરેક રજીસ્ટર્ડ ફાર્માસીસ્ટે રજીસ્ટ્રેશન રીન્યુ કરવા માટે પાંચ વર્ષ દરમ્યાન બે દિવસનો એક અથવા એક દિવસના બે રીફ્રેશર કોર્ષ કરવા ફરજીયાત છે.**" રજીસ્ટ્રેશન રીન્યુઅલ વખતે રીફ્રેશર કોર્ષના સર્ટીફીકેટની નકલ સામેલ કરવી ફરજીયાત છે. રીફ્રેશર કોર્ષ માટે જે તે ફાર્માસીસ્ટએ નજીકની ફાર્મસી કોલેજનો અને/અથવા ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલના ફોન નં.-(૦૭૯)૨૨૬૮૧૦૧૨ પર સંપર્ક કરવો. આ ઉપરાંત રીફ્રેશર કોર્ષના Schedule માટે ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલની વેબસાઇટ www.gujaratstatepharmacycouncil.org સમયાંતરે જોતા રહેવા વિનંતી છે.

ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલ દ્વારા તમામ ફાર્માસીસ્ટ જેઓના રજીસ્ટ્રેશનની રીન્યુઅલની મુદત ૩૧ ડીસેમ્બર, ૨૦૧૮ ના રોજ સમાપ્ત થતી હોય, તેઓને રજીસ્ટ્રેશન રીન્યુ કરાવવા માટે નિયત ફોર્મ સાથે રીન્યુઅલ ફી અને જરૂરી ડોક્યુમટન્ટસ ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલને તારીખ **૩૧ માર્ચ, ૨૦૧૯** સુધીમાં મળી જાય તે રીતે મોકલવાની રહેશે. આ તારીખ પછી આવેલ ફીના આધારે કોઇપણ ફાર્માસીસ્ટનું રજીસ્ટ્રેશન રીન્યુ થઇ શકશે નહી. જેઓનું રજીસ્ટ્રેશન આ પ્રમાણે રદ થાય તેઓને નિયમોનુસાર રી-એન્ટ્રી કરાવવાની રહેશે. રીન્યુઅલ માટે નિયત ફોર્મ નિયત ફોર્મ સાથે રીન્યુઅલ ફી અને જરૂરી ડોક્યુમટન્ટસ સાથે તારીખ **૧ લી જાન્યુઆરી થી ૩૧ માર્ચ ૨૦૧૯ સુધી સોમવાર થી શુક્રવાર ના રોજ સવારે ૧૧:૦૦ થી ૪:૦૦ સુધી સ્વીકારવામાં આવશે.**

રજીસ્ટ્રાર
ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલ
અમદાવાદ